આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- નેહલ ઠક્કર

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-30-07-2024 સમય:-સાંજે ૬.૨૫ કલાકે

---

---

## આસના - ચક્રવાત

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અરબી સમુદ્રમાં 'અસના' નામનું ચક્રવાત બનવા જઈ રહ્યું છે, જે 1976 પછી આ પ્રકારનું પ્રથમ ચક્રવાત હશે. આ ચક્રવાત ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રમાં ઉદભવશે. હવાનું તીવ્ર દબાણ ગુજરાતમાં પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમ તરફ આગળ વધ્યું છે અને હવે તે ચક્રવાતમાં પરિવર્તિત થવાની ધારણા છે.

કચ્છના દરિયાકાંઠેથી આગળ વધ્યા બાદ તે ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રમાં પાકિસ્તાન તરફ ફંટાવાની શક્યતા છે. કચ્છ જિલ્લામાં ભારે વરસાદ બાદ આજે કંટ્રોલ રૂમમાંથી મળતી માહિતી મુજબ મુંદરામાં 26 મિલિમીટર, અંજારમાં, માંડવીમાં 11 અને અબડાસામાં 6 મિલિમિટીર વરસાદ થયાના અહેવાલ છે. કચ્છમાં સંભવિત વાવાઝોડાને ધ્યાનમાં રાખીને મુંદ્રા, કંડલા અને જખૌ બંદરો પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવ્યા છે. આ તાલુકામાં ભારે વરસાદ અને પવનને કારણે મોબાઈલ નેટવર્ક ખરાબ રીતે પ્રભાવિત થયું છે.

RNU અમદાવાદ

---

## રાજ્ય - વરસાદ

રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ 980 મીલીમીટર કરતાં વધુ વરસાદ પડ્યો છે. રાજ્યના સૌથી મોટા સરદાર સરોવરમાં 86 ટકા જેટલો જળસંગ્રહ થયો

RNUBHUJ

છે. જ્યારે 206 જેટલા અન્ય જળાશયોમાં પાણીનો 76 ટકા કરતાં વધુ જળસંગ્રહ થયો છે. જેમાં 129 ડેમ હાઇએલર્ટ પર મૂકાયા છે.

અત્યાર સુધીમાં પૂરપ્રકોપમાં ફસાયેલા 50 હજાર કરતાં અનેક લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. આ દરમિયાન 4 હજાર 225 લોકોનું એનડીઆરએફ, એસડીઆરએફ, ફાયરબ્રિગેડ અને સૈન્યાના જવાનો દ્વારા રેસ્ક્યુ કરાયું છે. હવામાન વિભાગે બીજી સપ્ટેમ્બર સુધી માછીમારે દરિયો ન ખેડવાની સલાહ આપી છે.

RNU અમદાવાદ

--------------------------------------------------------------------

## કચ્છ – પ્રભારીમંત્રી નલિયા

કચ્છમાં વાવાઝોડાની અસરના પગલે દરિયાકાંઠાના તાલુકામાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. પ્રભારીમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ અબડાસા તાલુકાના મુખ્યમથક નલીયાની પ્રાંત કચેરીએ સમીક્ષા બેઠક યોજીને જનજીવન સામાન્ય બને તે માટેની વહીવટીતંત્રની તૈયારીઓની સમીક્ષા કરી હતી.

પ્રભારીમંત્રીએ અબડાસા તાલુકાની પરિસ્થિતિનો ખ્યાલ મેળવીને રોડ કનેક્ટિવિટી અને વીજ પુરવઠો યુદ્ધના ધોરણે પૂર્વવત કરવા સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત વરસાદ બાદ ગ્રામ્ય રોડ રિપેરિંગ, પશુ મરણ સહાય, સરકારી નિયમોનુસાર કૅશડોલ સહાય, નુકસાન સર્વે કામગીરી, રોગચાળો અટકાવવા જરૂરી આરોગ્યલક્ષી પગલાઓ સહિતની બાબતોને પ્રાથમિકતા આપી કામગીરી કરવા ઉપર ભાર મૂક્યો હતો.

મા.ખા

--------------------------------------------------------------------

## કચ્છ – આરોગ્ય તંત્રની કામગીરી

હાલે સમગ્ર કચ્છમાં વરસાદી વાતાવરણ દરમિયાન આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નાગરિકોની આરોગ્યની જાળવણી અને રોગ અટકાયતી

પગલાઓ માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ૩૪૫ ટીમ બનાવી સમગ્ર જીલ્લામાં અસરગ્રસ્ત વિસ્તારોમાં વિવિધ કાર્યક્રમો હેઠળ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આરોગ્ય શાખાની આરોગ્ય ટીમો દ્વારા લોકોની મેડિકલ તપાસ કરવામાં આવી રહી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેલન્સ કામગીરી કરીને દરેકને સ્થળ પર સારવાર પણ આપવામાં આવી રહી છે.

વાહક-જન્ય રોગચાળો ફેલાતો અટકાવવા માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જરૂરીયાતવાળા વિસ્તારોમાં દવા છંટકાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી હોવાનું જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવાયું છે.

મા.ખા

---

## વન વિભાગ - કામગીરી

જિલ્લામાં ભારે પવન અને વરસાદના કારણે રસ્તાઓ પર વૃક્ષો પડવા અને તેને લીધે રોડ બ્લોકેજની ઘટના બનવા પામી હતી. જેને લીધે જનજીવન તેમજ વાહન વ્યવહારને ભારે મુશ્કેલીઓ ન ઊભી થાય તે હેતુથી વન વિભાગ દ્વારા સમગ્ર જિલ્લામાં **45** ટીમની રચના કરવામાં આવેલ હતી. કચ્છમાં છેલ્લા ૨ દિવસોમાં વિવિધ રસ્તાઓ પર કુલ **85** વૃક્ષો પડી જવાની ઘટના બનેલી હતી. જેમાં વન વિભાગની વિવિધ ટીમો દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી ગણતરીની મિનિટોમાં રસ્તાઓ પર અડચણરૂપ વૃક્ષો હટાવવાની કામગીરી કરવામાં આવી હતી અને વાહન વ્યવહારને પૂર્વવત કરવામાં આવ્યો હતો.

મા.ખા

---

## વહીવટીતંત્ર અને સામાજિક સંસ્થાઓ દ્વારા સુવિધા

કચ્છમાં ભારે વરસાદથી  પ્રભાવિત લોકોને વહીવટી તંત્ર સુરક્ષા અને સલામતી હેતું સ્થળાંતરીત કરાયા છે. ત્યારે માંડવી, અબડાસા, મુંદરા, ભુજ તાલુકામાં નીચાણવાળા તથા કાચા મકાન ધરાવતા લોકોને સલામત સ્થળે આશ્રય આપવામાં આવ્યો છે. આ તમામ લોકોને વહિવટી તંત્ર અને સામાજિક સંસ્થાઓના સહયોગથી અસરગ્રસ્તો સુધી ભોજન, પાણી, કપડા અને દવા સહિતની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે.

મા.ખા

---------------------------------------------------------------------------

## પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ

પેરિસ પેરાલિમ્પિકમાં આજે ભારતે **3** મેડલ જીત્યા છે. મહિલા શૂટિંગમાં અવની લેખારાએ ગોલ્ડ અને મોના અગ્રવાલે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. જ્યારે પ્રીતિ પાલ મહિલાઓની **100** મીટર **T35** કેટેગરીની રેસમાં ત્રીજા ક્રમે રહી હતી. તેણે **14.21** સેકન્ડમાં રેસ પૂરી કરી અને બ્રોન્ઝ જીત્યો હતો.

ને.ઠ/N.P

---------------------------------------------------------------------------

## F.M કેન્દ્રો

કેન્દ્રીય મંત્રીમંડળે દેશભરના **234** નવા શહેરમાં **730** ખાનગી **FM** ચેનલની ઇ-હરાજી કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. જે અંતર્ગત રાજ્યના ભુજ, ગાંધીધામ સહિત અમરેલી, બોટાદ, દાહોદ, જેતપુર નવાગઢ, પાટણ અને સુરેન્દ્રનગર દુધરેજમાં ત્રણ-ત્રણ ખાનગી એફએમ રેડિયોની સ્થાપના કરાશે.

આ નિર્ણયથી સ્થાનિક લોકોને માતૃભાષામાં થતાં સ્થાનિક પ્રસારણથી પ્રોત્સાહન મળશે. તેમ જ રોજગારની નવી તકનું સર્જન થશે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------